# આણંદ નગરપાલિકા, તા આણંદ, જી. આણંદ.

## <u>ભરતીની જાહેરાત</u>

આણંદ નગરપાલિકાના ફાયર વિભાગના કર્મચારીઓની ભરતી માટે ગુજરાત સરકાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : અગન-૨૦૧૮-૭૦-વ પાર્ટ તા.૨૭/૦૯/૨૦૧૯ થી મંજુર થયેલ ફાયર વિભાગની નવિન કુલ-૨૧ જગ્યા તથા રાજય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : સફસ/ફન-૧૪૯/૭૧૩/૨૦૨૧, તા.૩૦/૦૩/૨૦૨૧ તથા કમિશ્નરશ્રી, મ્યુનિસીપાલીટી એડમીનીસ્ટ્રેશનની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરના હુકમ ક્રમાંક :કમિ.મ્યુનિ.એડી/મહેકમ-૧/ફાયરભરતી/વશી.૭૦૦/૨૦૨૧ તા.૦૬/૦૪/૨૦૨૧ થી (નિયમોમાં સુધારા વધારા સાથે) તથા મે.પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરી, નગરપાલિકાઓ,વડોદરાના પત્ર ક્રમાંક: પ્રા.ક/વશી/૩૫૭/૨૦૨૧ તા.૧૨/૦૮/૨૦૨૧ થી મંજુર થયેલ છે. સુધારેલ ભરતી બઢતી નિયમો મુજબ લાયકાત ધરાવતા ઉમેદવારોએ આ જાહેરાત પ્રસિદ્ધ થયેથી ૩૦ દિવસમાં મળી જાય તે રીતે અરજી કરવાની રહેશે. ઉમેદવારો માટેની શૈક્ષણિક લાયકાત અને શારીરિક યોગ્યતાના ધોરણો નીચે મુજબ છે. જે મુજબની યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ અરજી કરવાની રહેશે. વધુ વિગત માટે આણંદ નગરપાલિકા કચેરીની મહેકમ શાખાનો સંપર્ક કરવાનો રહેશે.

| અ. નં. | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | વર્ગ | શૈક્ષણિક લાયકાત, ટેકનીકલ લાયકાત, અનુભવ તથા વય મર્યાદા | કેટેગરી મુજબ ભરવાની થતી જગ્યાઓ | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | બિન અનામત | | આ.ન.વ. | | સા.શૈ.પ.વ. | | અનુ.જાતિ. | | અનુ.જન. જાતિ. | | કુલ |
| | | | | | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | |
| ૧ | ડીસ્ટ્રીકટ ફાયર ઓફીસર/ ડીવીઝનલ ફાયર ઓફીસર | ૧ | ૨ | (૧) **<u>શૈક્ષણિક લાયકાત:-</u>**<br>1 માન્ય યુનિવર્સીટીના સ્નાતક<br>2 સીસીસી પરીક્ષા પાસ અથવા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા.૩૦/૦૯/૨૦૦૬ મુજબ CCC+ની પરીક્ષા અજમાયશી સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે. (નગરપાલિકાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.)<br>(૨) **<u>ટેકનીકલ લાયકાત:-</u>**<br>i. નેશનલ ફાયર સર્વિસ કોલેજ, નાગપુરનો ડીવીઝનલ ફાયર ઓફીસરનો કોર્ષ પાસ<br>ii. હેવી મોટર વ્હીકલ ચલાવવાનું વેલીડ લાયસન્સ ધરાવતા હોવા જોઈએ. | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | (૩) **અનુભવ:-**<br>ફાયર સેવાઓમાં ફાયર ઓફીસર/સ્ટેશન ઓફીસર/સબ-ઓફીસર અથવા સમકક્ષ જગ્યા ઉપર કુલ નોકરીના ચાર વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.<br>(૪) **વય મર્યાદા:-** ૪૫ વર્ષથી વધુ નહી (નગરપાલિકાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.) | | | | | | | | | | | |
| ૨ | લીડીંગ ફાયરમેન | ૧ | ૩ | (૧) **શૈક્ષણિક લાયકાત:-**<br>(૧)સીધી ભરતીથી પસંદગીમાં નિમણુક થવા માટે માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા એસ.એસ.સી.(ધોરણ -૧૦) અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.<br>(૨) **ટેકનીકલ લાયકાત:-**<br>(૧)નેશનલ ફાયર એકેડમી,(AIILSG) ,વડોદરા અથવા ગુજરાત સરકાર માન્ય આઈ.ટી.આઈ.માંથી ફાયરમેન /ફાયર ટેકનોલોજી અને ઇન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ અથવા સમકક્ષ કોર્ષ સરકાર માન્ય સંસ્થામાંથી GCVT/NCVT પાસ હોવા જોઈએ<br>(૨) લાઈટ (હળવા) મોટર વ્હીકલ લાયસન્સ ધરાવતા હોવા જોઈએ .<br>(૩) સ્વીમીંગની જાણકારી જરૂરી છે.<br>(૩) **અનુભવ:-**<br>સરકારી, અર્ધસરકારી અથવા ખાનગી ફાયર સેવાઓમાં ફાયરમેન અથવા સમકક્ષ જગ્યા ઉપર કુલ નોકરીના – ૦૫(પાંચ) વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ<br>(૪) **વય મર્યાદા:-** ૩૫ વર્ષથી વધુ નહી (નગરપાલિકાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ડ્રાઈવર કમ પંપ ઓપરેટર | ૨ | ૩ | (૧) **શૈક્ષણિક લાયકાત:-**<br>(૧)સીધી ભરતીથી પસંદગીમાં નિમણુક થવા માટે માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા એસ.એસ.સી .(ધોરણ -૧૦) અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.<br>(૨) **ટેકનીકલ લાયકાત:-**<br>(૧) નેશનલ ફાયર એકેડમી,(AIILSG) ,વડોદરા અથવા ગુજરાત સરકાર માન્ય આઈ.ટી.આઈ માંથી ફાયરમેન /ફાયર ટેકનોલોજી અને ઇન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ અથવા સમકક્ષ કોર્ષ સરકાર માન્ય સંસ્થામાંથી GCVT/NCVT પાસ હોવા જોઈએ<br>(૨) હેવી મોટર વ્હીકલ લાયસન્સ ફરજીયાત હોવું જોઈએ.<br>(૩) સ્વીમીંગની જાણકારી જરૂરી છે. (નગરપાલિકા ખાતે ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.)<br>(૩) **અનુભવ:-**<br>ફાયર સેવાઓમાં ફાયરમેન અથવા ડ્રાઈવર કમ પંપ ઓપરેટરની કામગીરીનો એક વર્ષનો અનુભવ અથવા અન્ય જગ્યાએ હેવી મોટર વાહન ચલાવવાનો બે વર્ષનો અનુભવ ધરાવતાં હોવા જોઈએ.<br>(૪) **વય મર્યાદા:-** ૩૫ વર્ષથી વધુ નહી (નગરપાલિકાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.) | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૪ | ફાયરમેન કમ ડ્રાઈવર | ૭ | ૩ | (૧) **શૈક્ષણિક લાયકાત:-**<br>(૧)સીધી ભરતીથી પસંદગીમાં નિમણુક થવા માટે માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા એસ.એસ.સી.(ધોરણ -૧૦) અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ | ૨ | ૨ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | (૨) **<u>ટેકનીકલ લાયકાત:-</u>**<br><br>(૧)નેશનલ ફાયર એકેડમી, (AIILSG), વડોદરા અથવા ગુજરાત સરકાર માન્ય આઈ.ટી.આઈ.માંથી ફાયરમેન /ફાયર ટેકનોલોજી અને ઇન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ અથવા સમકક્ષ કોર્ષ સરકાર માન્ય સંસ્થામાંથી GCVT/NCVT પાસ હોવા જોઈએ<br>(૨) લાઈટ (હળવા)/ હેવી મોટર વ્હીકલ લાયસન્સ ફરજીયાત હોવું જોઈએ.<br>(૩) સ્વીમીંગની જાણકારી જરૂરી છે.<br>(૩) **<u>અનુભવ:-</u>**<br>ફાયર સેવાઓમાં ફાયરમેન અથવા સમકક્ષ જગ્યા પર કુલ નોકરીના એક વર્ષનો અનુભવ ધરાવતાં હોવા જોઈએ.<br>(૪) **<u>વય મર્યાદા:-</u>** ૩૫ વર્ષથી વધુ નહી (નગરપાલિકાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓને લાગુ પડશે નહી.) | | | | | | | | | | | |

1 ઉપરોક્ત જગ્યાઓ માટે અરજી જાહેરાત પ્રસિદ્ધ થયેથી ૩૦ દિવસમાં ચીફ ઓફીસર, આણંદ, નગરપાલિકા, તા. આણંદ, જી-. આણંદ ખાતે ફક્ત રજીસ્ટર પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી મોકલી આપવાની રહેશે. અન્ય રીતે રજૂ થયેલ અરજી રદ કરવાપાત્ર થશે.

2 અરજદારે અરજી સાથે તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝ ફોટા નંગ-૧, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાતની સ્વપ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારે જાતિ અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

3 ઉપરોક્ત તમામ જગ્યાઓ માટે અરજી સાથે બિનઅનામત વર્ગના અરજદારે રૂ.૫૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ, ચીફ ઓફીસર, આણંદ નગરપાલિકાના નામથી મોકલવાનો રહેશે. અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ તથા શૈક્ષણિક પછાતવર્ગના તથા આર્થિક નબળા વર્ગના ઉમેદવારે કોઈ ફી ભરવાની રહેશે નહી. પરંતુ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગનું નોન ક્રિમીલિયરનું પ્રમાણપત્ર તથા આર્થિક નબળા વર્ગના ઉમેદવારે જાહેરાતની તારીખે માન્યતા પ્રાપ્ત પ્રમાણપત્ર અરજી સાથે ફરજિયાત રજુ કરવાનું રહેશે તેના સિવાય અનામતના લાભો મળવાપાત્ર થશે નહીં .

4 અરજીના કવર ઉપર જે જગ્યા માટે અરજી કરેલ હોય તે જગ્યાનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.(દા.ત. વિભાગીય ફાયર ઓફીસર તરીકેની અરજી )

5 વય મર્યાદા સરકારશ્રીના નીતિ નિયમ મુજબની રહેશે. તેમજ અનામત વર્ગના ઉમેદવારોને સરકારશ્રીના નિયમ મુજબ ઉમરમાં છૂટછાટ મળવાપાત્ર થશે. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે નિયત શૈક્ષણિક લાયકાત, જરૂરી વયમર્યાદા તથા નિયત અનુભવ ધરાવતા હોવા જોઈએ.(અનુભવ અંગે અનુભવનું પ્રમાણપત્ર જે તે સંસ્થાના લેટર પેડ પર સક્ષમ અધિકારીના સહી સીકકાવાળુ રજુ કરવું ઓફર લેટર માન્ય ગણાશે નહી.)

6 દરેક જગ્યા માટે ઉમેદવારે અલગ-અલગ અરજી કરવાની રહેશે.(અરજદાર દ્વારા એક જગ્યા માટે બે અરજી કરવામાં આવે તો આખરી અરજી માન્ય રાખવામાં આવશે.)

7 એક જ અરજીપત્રકમા એક કરતા વધુ જગ્યા માટે અરજી કરેલ હશે તો અરજીપત્રક રદ ગણવામાં આવશે.

8 અરજીપત્રક આણંદ નગરપાલિકાની મહેકમ શાખામાંથી રૂબરૂમાં મેળવી શકાશે અથવા https://anandnagarpalika.com વેબસાઇટ ઉપરથી અરજી ફોર્મ ડાઉનલોડ કરી શકાશે.

9 અધુરી વિગતની અરજી તથા અપૂરતી ફી, સમયમર્યાદા બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી અને આ અંગે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

10 આ જાહેરાત તથા સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે સંપૂર્ણ અથવા અંશત : રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાની તથા પસંદગી કરવી કે ન કરવી તે અંગે નગરપાલિકાનો સંપૂર્ણ અબાધિત હક્ક/અધિકાર રહેશે. નગરપાલિકા આ માટે કોઈ કારણો આપવા માટે બંધાયેલ રહેશે નહી. જગ્યાઓની સંખ્યા અંદાજિત છે જે ફેરફારને પાત્ર રહેશે.

11 અનામત વર્ગના ઉમેદવાર સામાન્ય જગ્યા ઉપર અરજી કરે તો અનામતના કોઈ લાભ મળવાપાત્ર રહેશે નહી અને સામાન્ય વર્ગના ઉમેદવાર તરીકેની શરતો લાગુ પડશે.

12 માન્ય તમામ સંવર્ગના ઉમેદવારોની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષાનો અભ્યાસક્રમ નિયામકશ્રી, અગ્નિશમન સેવા દ્વારા નિયત કર્યા મુજબનો રહેશે. જે અંગેની જાણ માન્ય ઉમેદવારોને અલગથી કરવામાં આવશે.

13 સરકારશ્રીની નીતિ અનુસાર વર્ગ-(૨) સંવર્ગના અધિકારીઓની તેઓને મળવાપાત્ર કાયમી પગાર ધોરણમાં પ્રથમ-૨ (બે) વર્ષ માટે અજમાયશી નિમણુંક આપવામાં આવશે. જયારે વર્ગ-(૩) સંવર્ગના કર્મચારીઓની પ્રથમ નિમણુક ૫(પાંચ) વર્ષના ફિક્સ પગારથી કરવામાં આવશે. વર્ગ-(૩) સંવર્ગના કર્મચારીઓના કરારીય સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયેથી તેઓને આણંદ નગરપાલિકાના પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર પગાર-ભથ્થાં મળવાપાત્ર થશે.

14 માન્યતા પ્રાપ્ત અરજીઓના ઉમેદવારોની શારીરિક ક્ષમતા, શારીરિક કસોટી, સ્વિમિંગની જાણકારીનું પરીક્ષણ યોજવામાં આવશે. જેમાં ઉતીર્ણ થયેલ ઉમેદવારોની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.

શારીરિક ક્ષમતા, શારીરિક કસોટીના માપદંડો

| જગ્યાનું નામ | ડિસ્ટ્રીકટ ફાયર ફાયર ઓફીસર/ડીવીઝનલ ફાયર ઓફીસર | લીડીંગ ફાયરમેન | ડ્રાઈવર કમ પંપ ઓપરેટર | ફાયરમેન કમ ડ્રાઈવર |
|---|---|---|---|---|
| વર્ગ | ૨ | ૩ | ૩ | ૩ |
| શારીરિક ક્ષમતા | (૧) શારીરિક રીતે તંદુરસ્ત હોવા જોઈએ (૨) લાલ, લીલા, કલરના તફાવત જાણી શકતા હોવા જોઈએ. (૩)ઊંચાઈ:- પુરુષો માટે :- તમામ ઉમેદવાર – ૧૬૫ સે.મી.. અને અનુસુચિત જનજાતિ ઉમેદવાર -૧૬૨ સે.મી., મહિલા માટે:- તમામ ઉમેદવાર ૧૫૮ સે.મી.. અને અનુસુચિત જનજાતી ઉમેદવાર -૧૫૬ સે.મી. (૪) વજન:- પુરુષો માટે ૫૦ કિ.ગ્રા. લઘુતમ, મહિલા માટે ૪૦ કિ.ગ્રા. લઘુતમ, (૫) છાતી:- સામાન્ય-૮૧ સે.મી., ફૂલાયેલી-૮૬ સે.મી.(ફક્ત પુરુષો માટે ) | (૧) શારીરિક રીતે તંદુરસ્ત હોવા જોઈએ (૨) લાલ, લીલા, કલરના તફાવત જાણી શકતા હોવા જોઈએ. (૩) ઊંચાઈ:- પુરુષો માટે:- તમામ ઉમેદવાર – ૧૬૫ સે.મી. અને અનુસુચિત જન જાતિ ઉમેદવાર -૧૬૨ સે.મી., મહિલા માટે:- તમામ ઉમેદવાર ૧૫૮ સે.મી. અને અનુસુચિત જનજાતી ઉમેદવાર -૧૫૬ સે.મી., (૪)વજન:- પુરુષો માટે ૫૦ કિ.ગ્રા. લઘુતમ, મહિલા માટે ૪૦ કિ.ગ્રા. લઘુતમ,(૫) છાતી:- સામાન્ય-૮૧ સે.મી.. ફૂલાયેલી-૮૬ સે.મી.,(ફક્ત પુરુષો માટે ) | (૧) શારીરિક રીતે તંદુરસ્ત હોવા જોઈએ (૨) લાલ, લીલા, કલરના તફાવત જાણી શકતા હોવા જોઈએ. (૩) ઊંચાઈ:- પુરુષો માટે:- તમામ ઉમેદવાર – ૧૬૫ સે.મી., અને અનુસુચિત જન જાતિ ઉમેદવાર -૧૬૨ સે.મી., મહિલા માટે:- તમામ ઉમેદવાર ૧૫૮ સે.મી. અને અનુસુચિત જનજાતી ઉમેદવાર -૧૫૬ સે.મી., (૪) વજન:- પુરુષો માટે ૫૦ કિ.ગ્રા. લઘુતમ, મહિલા માટે ૪૦ કિ.ગ્રા. લઘુતમ, (૫) છાતી:- સામાન્ય- ૮૧ સે.મી., ફૂલાયેલી-૮૬ સે.મી.(ફક્ત પુરુષો માટે ) | (૧) શારીરિક રીતે તંદુરસ્ત હોવા જોઈએ (૨) લાલ, લીલા, કલરના તફાવત જાણી શકતા હોવા જોઈએ. (૩)ઊંચાઈ:- પુરુષો માટે:- તમામ ઉમેદવાર – ૧૬૫ સે.મી. અને અનુસુચિત જન જાતિ ઉમેદવાર -૧૬૨ સે.મી., મહિલા માટે:- તમામ ઉમેદવાર ૧૫૮ સે.મી. અને અનુસુચિત જનજાતી ઉમેદવાર -૧૫૬ સે.મી., (૪) વજન:- પુરુષો માટે ૫૦ કિ.ગ્રા. લઘુતમ, મહિલા માટે ૪૦ કિ.ગ્રા. લઘુતમ,(૫) છાતી:- સામાન્ય- ૮૧ સે.મી., ફૂલાયેલી- ૮૬ સે.મી. (ફક્ત પુરુષો માટે ) |

| | | | | |
|---|---|---|---|---|
| **શારીરિક કસોટી** | (૧) ૪૦૦ મીટરની સામાન્ય દોડ ૧૫૦ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે.<br><br>(૨) તરણ ૧૦૦ મીટર ૩૦૦ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે. | (૧) હોઝ પાઈપ સાથેની/વજન ઉચકીને ૫૦ મીટરની દોડ-૧૫ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે.<br><br>(૨) ૪૦૦ મીટરની સામાન્ય દોડ-૧૫૦ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે.<br><br>(૩) રસ્સો પકડીને ઉપર ચઢવાનું- ૦૫ મીટર<br><br>(૪) લાંબી કુદ -૩.૦૦ મીટર<br><br>(૫) ઉંચી કુદ – ૧.૦૦ મીટર<br><br>(૬) તરણ ૧૦૦ મીટર -૩૦૦ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે. | (૧) હોઝ પાઈપ સાથેની/વજન ઉચકીને ૫૦ મીટરની દોડ-૧૫ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે.<br><br>(૨) ૪૦૦ મીટરની સામાન્ય દોડ-૧૫૦ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે.<br><br>(૩) રસ્સો પકડીને ઉપર ચઢવાનું- ૦૫ મીટર<br><br>(૪) લાંબી કુદ -૩.૦૦ મીટર<br><br>(૫) ઉંચી કુદ – ૧.૦૦ મીટર<br><br>(૬) તરણ ૧૦૦ મીટર- ૩૦૦ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે. | (૧) હોઝ પાઈપ સાથેની/વજન ઉચકીને ૫૦ મીટરની દોડ-૧૫ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે.<br><br>(૨) ૪૦૦ મીટરની સામાન્ય દોડ-૧૫૦ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે.<br><br>(૩) રસ્સો પકડીને ઉપર ચઢવાનું- ૦૫ મીટર<br><br>(૪) લાંબી કુદ -૩.૦૦ મીટર<br><br>(૫) ઉંચી કુદ – ૧.૦૦ મીટર<br><br>(૬) તરણ ૧૦૦ મીટર -૩૦૦ સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે. |

**સહી/- એસ. કે. ગરવાલ**
**સભ્ય સચિવ**
**પસંદગી સમિતિ અને ચીફ ઓફીસર**
**આણંદ નગરપાલિકા**

તા.૨૩/૦૮/૨૦૨૪
સ્થળ:આણંદ